





## ભિલોડામાં બજારો સજ્જડ બંધ, જનજીવન ખોરવાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે બજારો સજ્જડ બંધ રહ્યા હતા.ભિલોડામાં નાના-મોટા વેપારીઓએ ધંધા-રોજગાર અને દુકાનો સજ્જડ બંધ રાખી હતી ત્યારે જનજીવન ખોરવાયું હતું.એક તરફ લગ્નોની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે એક અઠવાડીયાના અરસામાં બજારો બે વાર સજ્જડ બંધ રહેતાં અમુક વેપારીઓ ભારે મુંઝવણમાં મુંકાયા હતા. સવર્ણો-ઓ.બી.સી.સંગઠનોનો જાતિ આધારીત અનામતનો વિરોધ પરંતુ આર્થિક આધાર પર અનામતની પ્રબળ લોકમાંગણી ઉદ્ભવી છે ત્યારે સવર્ણો અને ઓ.બી.સી.સંગઠનો ધ્વારા ભારત બંધના એલાનના પગલે સમર્થન આપવા ભિલોડામાં બજારો સજ્જડ બંધ રહ્યા હતા.વેપારીઓએ વહેલી સવારથી દુકાનો સ્વયંભુ બંધ રાખી ભારત બંધના એલાનને સમર્થન આપ્યું હતું. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર.સંગાડા ધ્વારા બજારો સજ્જડ બંધ હોવાના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ભિલોડામાં સતત ટ્રાફીકથી ધમધમતા માર્ગો ભારત બંધના એલાનને પગલે સુમસામ ભાસતા હતા ત્યારે કરફ્યું જેવો માહોલ ઠેર-ઠેર જોવા મળ્યો હતો.ભિલોડા તાલુકાના અંતરીયાળ ગ્રામ્યવિસ્તારોના પ્રાઈવેટ વાહનચાલકોના સંચાલકોએ વાહનોની હેરાફેરી બંધ રાખતા મુસાફરો રઝળ્યા હતા.ભિલોડામાં બજારો વહેલી સવારથી સજ્જડ બંધ રહેતાં જનજીવન ખોરવાયું હતું.






## મોડાસામાં ભારત બંધના એલાનને નિષ્ફળતા

૨ એપ્રિલે દેશભરના એસસી/એસટી સમાજ દ્વારા સુપ્રીમકોર્ટે એટ્રોસિટી એક્ટની ટિપ્પણી અંગે સોશ્યલ મીડિયામાં અપાયેલા બંધને સફળતા મળતા ૩ એપ્રિલથી સોશ્યલ મીડિયામાં અનામત વિરુદ્ધ અને દલિતો દ્વારા અપાયેલ બંધના વિરોધમાં ૧૦ એપ્રિલ મંગળવારે અપાયેલા બંધના અનુસંધાને અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અને જીલ્લાના સોશ્યલ મીડિયાના ગ્રુપોમાં મંગળવારે મોડાસા શહેર બંધ રાખવા અને બંધમાં જોડાવવા વેપારીઓ અને પ્રજાજનોને અપીલ કરી સજ્જડ બંધ રાખવા અપીલ સાથે ગર્ભિત ધમકી ઉચ્ચારી રહ્યા હોય તેમ બંધના એલાનમાં નહિ જોડાનાર દુકાનદારને સમાજનો વિરોધી માની તેની દુકાનેથી સમાજની કોઈ પણ વ્યક્તિ માલસામાન ખરીદશે નહિ તેમજ અમારા સમાજ દ્વારા બંધમાં નહિ જોડાનાર દુકાનોની યાદી બહાર પાડવામાં આવશે અને અમે ક્યારે પણ ખરીદી કરીશું નહિ જણાવ્યું હોવા છતાં મંગળવારે મોડાસા શહેરના તમામ ધંધા રોજગાર રાબેતા મુજબ ચાલુ રહેતા કેટલાક ચાર રસ્તા-બસ સ્ટેન્ડ રોડ પર આવેલા વેપારીઓએ તેમની દુકાનો બંધ કરી દુકાનો બંધ કરાવવા ટોળું નીકળતા આરાજકતા ફેલાતા દુકાનદારોએ થોડી વાર દુકાન બંધ રાખી ટોળું વિખેરાતા મોટાભાગની દુકાનો રાબેતા મુજબ ખુલી જતા મોડાસા શહેરના ધંધા રોજગાર ધમધમી ઉઠ્યા હતા. મોડાસા શહેરના જુનાબજાર, માલપુર રોડ, મેઘરજ રોડ, ડીપ વિસ્તાર અને બસ સ્ટેન્ડ, કોલેજ વિસ્તારમા વેપારીઓ સવારથીજ દુકાનો ખુલ્લી રાખતા સોશ્યલ મીડિયાના બંધના એલાનની હવા નીકળી ગઈ હતી. મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયાના બંધના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી જીલ્લાના અન્ય તાલુકા મથક બાયડ, માલપુર, મેઘરજ અને ધનસુરા સહીત ગ્રામ્ય વિસ્તારોમાં બંધ નિષ્ફળ રહ્યો હતો. જયારે ભિલોડામાં બજારો સજ્જડ બંધ રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# સાધન સહાય માટે ખેડૂતોને સમયસર ઓનલાઈન ફોર્મ ભરવા અરવલ્લી ખેડૂત સમાજની અપીલ

### ૧ એપ્રિલથી સાધન સહાય યોજનાની શરૂવાત : સરકારી પોર્ટલ પર કરી શકાશે અરજી

મોડાસા, તા. ૧૦

રાજય સરકાર દ્વારા ખેડૂતોને ખેતી માટેના ઓજારોની સાધન સહાય યોજના ૧ એપ્રિલથી શરુ કરવામાં આવી છે. જેના માટે ૩૦ એપ્રિલ સુધીમાં ઓનલાઈન અરજી ખેડૂતોએ કરવાની રહશે.

રાજ્ય સરકાર દ્વારા ખેતી માટે ખરીદી કરતા ખેત ઓજારોમાં સહાય મેળવીને તેનો લાભ મળે તેવી વિવિધ યોજનાઓ સરકાર દ્વારા અમલ કરવામાં આવી છે. અને તેના માટે સરકારે આઈ ખેડૂત પોર્ટલ વેબસાઈટ શરુ કરવામાં આવી છે. ચાલુ વર્ષે એટલે કે ૨૦૧૮-૧૯ માટે ખેડૂતો સાધન સહાયના લાભ માટે આઈ ખેડૂત પોર્ટલ દ્વારા અરવલ્લી જીલ્લાના ખેડૂતોએ ઓનલાઈન અરજીઓ કરવાની રહશે. આ યોજનામાં ૧ એપ્રિલથી અરજીઓ લેવાની શરૂવાત કરી છે. જેમાં ખેડૂતોએ www.ikhedut.gujarat.gov.in પર અરજીઓ કરવાની હોય છે. જેમાં ખેડૂતોએ ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર તેમજ અન્ય જગ્યાએથી ઓનલાઈન ફોમ ભરી શકે છે. અને અરજી સાથે જરૂરી ડોક્યુમેન્ટમાં ૮-અ, અસલ બેંક પાસબુકની ઝેરોક્ષ, આધારકાર્ડની ઝેરોક્ષ તેમજ અનુ જાતિ ખેડૂતે જાતિનો દાખલો જોડવાનો રહશે. અરજીમાં અંગુઠો કરી અરજીમાં જમણી બાજુમાં ચાલુ મોબાઈલ નંબર લખી તમામ પુરાવા સાથે ૭ દિવસમાં ગ્રામ સેવકને આપવાના હોય છે. તેમ અરવલ્લી ખેડૂત સમાજના પ્રમુખ નીકુલ પટેલે જણાવ્યું હતું. આ યોજનામાં કલ્ટી, રોટોવેટર, પ્લાઉ, રોટાવેટર, ટ્રેક્ટર, થ્રેસર, સીડ ડ્રીલ, તાડપત્રી, પંપ સેટ, અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન, પીવીસી, ખુલ્લી પાઈપલાઈન, પાક સંરક્ષક સાધન, પોટેટો પ્લાન્ટર, પોટેટો ડીગર સહિતના ૬૦ ઉપરાંત ઓજારો પર સહાય આપવામાં આવનાર છે. ત્યારે મોટી સંખ્યામાં અરવલ્લી જીલ્લાના ખેડૂતો આ સરકારી યોજનાનો લાભ મેળવે તેવી અપીલ અરવલ્લી ખેડૂત સમાજના પ્રમુખ નીકુલ પટેલ દ્વારા કરવામાં આવી છે.



પાલનપુરના ગઠામણ પાટિયા પાસે પીકઅપડાલાને અકસ્માત નડ્યો હતો. પીકઅપ ડાલાનું ટાયર ફાટતા સર્જાયેલા અકસ્માતમાં ૮ લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાલનપુર તાલુકાના માલણ ગામ થી પીકઅપ ડાલુ ૬૦ બોરી વરિયાળી ભરી ઊંઝા માર્કેટયાર્ડ જઈ રહ્યું હતું. ત્યારે ગઠામણ પાટિયા પાસે ટાયર ફાટતા પીકઅપ ડાલુ પલટી ખાઈ ગયું હતું. જેથી તેમાં સવાર ૮ લોકોને નાની મોટી ઈજા થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે વરિયાળીની બોરીઓ રોડ પર ફંગોળતા ટ્રાફિકજામ થઈ ગયો હતો.

# શામળાજી જુના પોલીસ સ્ટેશનની બાજુમાં રહેતા ૪ વર્ષીય બાળક સાથે એક શખ્સે સૃષ્ટિ વિરૂદ્ધનુ કૃત્ય આચરી ફરાર

### શામળાજી પોલીસે બાળકને તબીબી પરીક્ષણ માટે હિંમતનગર સિવિલમાં ખસેડ્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના યાત્રાધામ શામળાજીમાં જુના પોલીસ સ્ટેશન નજીક રહેતા શ્રમજીવી પરિવારના ૪ વર્ષના બાળક સાથે એક નરાધમે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી ફરાર થઈ જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. બાળકના પિતાએ આ અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં એક શખ્સ વિરુદ્ધ ગુન્હો નોંધાવતા શામળાજી પોલીસ ભોગ બનનાર બાળકને સારવાર અને તબીબી પરીક્ષણ માટે હિંમતનગર મોકલી આપી નરાધમ આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા તાલુકાના જોડ-જોધપુર ગામનો અને શામળાજી જુના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા બિપીનભાઈ ખેમાભાઈ બળેવા નામના શખ્સે બાજુમાં રહેતા એક શ્રમજીવી પરિવારના ૪ વર્ષના બાળકને ફોસલાવી લલચાવી નજીક આવેલા ખેતરમાં લઈ જઈ સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરતા બાળકનો રડવાનો અવાજ સાંભળતા બાળકની માતા દોડી જઈ સમગ્ર દ્રશ્ય નિહાળતા સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરનાર શખ્સ ફરાર થઈ ગયો હતો સમગ્ર ઘટના અંગે ભોગ બનેલ માતાએ બાળકના પિતા અને પરિવારજનોને કરતા ભારે ચકચાર મચી હતી અને સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરનાર શખ્સ સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે ભોગ બનનાર બાળકની પિતાની ફરિયાદના આધારે બિપીનભાઈ ખેમાભાઈ બળેવા (રહે, જોડ-જોધપુર, તા-ભિલોડા, અરવલ્લી) વિરુદ્ધ ઈપીકો કલમ ૩૭૭ તથા પોક્સો એક્ટ કલમ ૪,૫ (એમ), ૬, ૧૧(૪),૧૨ મુજબ ફરિયાદ નોંધી ફરાર નરાધમને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો ભોગ બનનાર ૪ વર્ષીય માસુમ બાળકને સારવાર અને તબીબી પરીક્ષણ અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમા મોકલી આપવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ શામળાજી પંથકમાં થતા નરાધમ સામે ફિટકાર વર્ષાવી તાત્કાલિક ધરપકડ કરવાની માંગ સાથે શખ્ત સજા કરવાની માંગ પ્રબળ બની હતી.

# મહેસાણા જિલ્લાના સીટી ટ્રાફિક શાખાના પોલીસ કર્મચારી એસીબીના છટકામાં

મહેસાણા જિલ્લાના સીટી ટ્રાફિક શાખાના પોલીસ કર્મચારીઓને ૨ એપ્રિલ ૨૦૧૮ના રોજ રૂ. ૧૦૦ની લાંચ લેતા અમદાવાદ એ.સી.બી પોલીસે ઝડપી પાડ્યા હતા. જે અંતર્ગત આરોપીઓ યોગેશકુમાર પરમાર, શંકરભાઈ નાયી (પ્રજાજન),જયવીરસિંહ ઠાકોર, સંજયકુમાર ચૌધરી મહેસાણા સીટી ટ્રાફિક શાખા મહેસાણા વર્ગ ૩ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭,૮,૧૨,૧૩(૧)(ડી)(૧)(૨)(૩) તથા ૧૩(૨) મુજબની જોગવાઈઓ હઠળ મહેસાણા એ.સી.બી પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૦૪-૨૦૧૮થી ગુનો દાખલ કરેલ છે. આરોપીઓની અટકાયત ૦૨ એપ્રિલ ૧૬-૧૫ કલાકે કરવામાં આવી છે.

### સૂત્રોચ્ચાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્તરની પંચાયતોના હોદેદારો, સદસ્યો તેમજ પંચાયતી રાજ સાથે સંકળાયેલા વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવનાર છે. આ બેઠકમાં રાજ્યની તમામ સ્તરની પંચાયતોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા નિર્ણય લેવામાં આવનાર છે. તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. પંચાયતીરાજ સંસ્થાઓના બંધારણીય હક્ક માટે રાજ્ય સરકાર જો આગામી સમયમાં નિર્ણય નહિ લે તો જિલ્લા, તાલુકા અને ગ્રામ્યકક્ષાએ પંચાયતી રાજ બચાવો અભિયાન ચલાવવામાં આવશે અને પંચાયતોને પોતાના અધિકારો પ્રાપ્તિ માટે કાર્યક્રમો યોજવામાં આવશે તેમ રાજેન્દ્ર પારધીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### અંધારપટ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સેકટરોમાં સ્થિત બગીચામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. સેકટરમાં બગીચા અને દવાખાના સહીતની સુવિધાઓના નામે મીડુ હોવાનો રોષ સ્થાનિકોમાં ભભુક્યો છે. ત્યારે આ મામલે આંદોલનની રાહ અપનાવવા માટે પણ રહીશોએ તૈયારી દર્શાવી છે. સે-૩ સી ના બગીચામાં હાલ પરિવારજનો બાળકો સાથે જઈ શકતા નથી. બગીચામાં સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. જયારે આ સ્થિત વચ્ચે અસામાજિક બદીઓ પણ ફુલીફાલી છે. ઉનાળુ વેકેશનના સમયગાળામાં બગીચાઓમાં લાઈટની પણ સુવિધા ન હોવાથી રહીશો આક્રોસ વ્યકત કરી રહયા છે. સેકટરના બગીચાઓમાં વેકેશન દરમિયાન બાળકોના રમત ગમતના સાધનો યોગ્ય કરવા ઉપરાંત લાઈટ સહીતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી રજુઆતો પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. ટુંકમાં જ સેકટરના પ્રાથમિક પ્રશ્નો સંદર્ભે કોઈ પગલા નહીં લેવાય તો સ્થાનિકો આંદોલનની રાહે લડત આપશે.

### સ્વચ્છતાને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવી દેવામાં આવ્યા હતા. નીતિશકુમાર અને સુશીલકુમાર મોદીની કામગીરી લોકોને પ્રેરણા આપી રહી છે. બિહાર એક માત્ર એવું રાજ્ય છે જ્યાં સ્વચ્છતાનું પ્રમાણ ૫૦ ટકાથી ઓછું હતુ પરંતુ હવે રાજ્યની સ્થિતિ ખુબ સારી છે. છેલ્લા એક સપ્તાહના ગાળામાં બિહારમાં ૮.૫ લાખ ટોયલેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કોઈ સામાન્ય ગતિ નથી. આના માટે તેઓ બિહારના લોકો અને સરકારને અભિનંદન આપે છે.

ગંગા નદીના કિનારે રહેલા ગામો ખુલ્લામાં શૌચ મુક્ત બની ચુક્યા છે. વેસ્ટ મેનેજમેન્ટ વ્યવસ્થા પણ અમલી કરવામાં આવી છે. મોતીહારી અને સુગોલીમાં એલપીજી પ્લાન્ટ માટેની આધારશીલા મુકવામાં આવી ચુકી છે. આવી સ્થિતિમાં ચંપારણના લોકો સામે ગેસની કોઈ તકલીફ રહેશે નહી. ૯૦૦ કરોડ રૂપિયાના નેશનલ હાઈપ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. આનાથી બિહાર અને ઝારખંડના લોકોને લાભ થશે. કટિહારથી દિલ્હીને જોડતી નવી ટ્રેનને લીલીઝંડી આપવાની તક પણ તેમને મળી હતી. આ ટ્રેનથી યુવાનો ઝડપથી દિલ્હી પહોંચી શકશે. આ ટ્રેનનું ચંપારણ હમસફર એક્સપ્રેસ આપવામાં આવ્યું છે. બિહાર, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા અને જમ્મુ કાશ્મીરમાં એક સપ્તાહમાં ૨૬ લાખ ટોયલેટ બન્યા છે. સ્વચ્છ ભારત મિશન દેશના તમામ લોકો માટે મહત્વપૂર્ણ બની ગયું છે. ટોયલેટનું નિર્માણ મહિલાઓને આત્મસંમાન, સુરક્ષા અને આરોગ્યની સુવિધા આપે છે.

### અભ્યાસ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેદાનને તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ દરમિયાન પીચ તૈયાર કરવા ઉપરાંત બેઠક વ્યવસ્થા પણ આનુસંગિક રીતે ગોઠવાય ઉપરાંત લાઈટીંગ અને નવા રૂમોનુ કામ પણ યોગ્ય રીતે થાય તે માટે તંત્રના અધિકારીઓએ રાજકોટના આંતરરાષ્ટ્રીય ખંડેરી ક્રિકેટ સ્ટેડિયમનો અભ્યાસ કરવાનો પણ નિર્ણય લીધો છે. આગામી તા ૧૨ એપ્રિલના રોજ તંત્રના અધિકારીઓ તેમજ જીમખાના કમિટીના બે સભ્યોની ટીમ રાજકોટ જવા રવાના થશે. જયારે રાજકોટના સ્ટેડિયમનો યોગ્ય અભ્યાસ કરી જીમખાના સ્ટેડિયમને વિકસાવવા માટે જરૂરી સુધારા વધારા પણ અમલમાં મુકશે.

### સીઈઓ નિમવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અવધિ ૩૧મી માર્ચ ૨૦૧૯ના દિવસે પુરી થઈ રહી છે. આઈસીઆઈસીઆઈ બોર્ડમાં ૧૨ સભ્યો રહેલા છે. ચેરમેન એમકે શર્માના નેતૃત્વમાં બોર્ડે કહ્યું છે કે, હાલમાં કંઈપણ ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. જાણકાર લોકોનું કહેવું છે કે, હાલમાં તપાસનો દોર ચાલી રહ્યો છે. વિડિયોકોનના ચેરમેન વેણુગોપાલ ધુત અને ચંદા કોચરના પતિ વચ્ચેની કથિત સાંઠગાંઠના મુદ્દે ઉંડી તપાસ ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં આક્ષેપોમાં તપાસ થઈ રહી છે.પ્રવક્તાનું કહેવું છે કે, તમામ આક્ષેપો આધારવગરના છે. ચંદા કોચર રાજીનામુ આપે તેવી ઈચ્છા કેટલાક બોર્ડના સભ્યો ધરાવે છે તે અંગે પુછવામાં આવતા આઈ સી આઈ સીઆઈ બેંકના પ્રવક્તાએ કહ્યું છે કે, આક્ષેપો આધારવગરના છે.

## કંપની સમાચાર

### બ્લુ સ્ટારના ૧૦૦ નવા એર કન્ડિશનર્સમાં ૪૦ અતિ-ઊર્જા બચાવતા ઈન્વર્ટર સ્પ્લિટ એર કન્ડિશનર્સનો સમાવેશ

એર કન્ડિશનીંગ અને કોમર્શિયલ રેફ્રિજરેશન ક્ષેત્રની અગ્રણી કંપની બ્લુ સ્ટાર લિમીટેડે ૪૦ નવા ઊર્જાની ઉચ્ચ બચત કરતા થ્રી-સ્ટાર અને ફાઈવ-સ્ટાર ઈન્વર્ટર સ્પ્લિટ એસી બજારમાં મુકવા સાથે ઉદ્યોગમાં નવો માપદંડ સ્થાપ્યો છે. આ એસી અસામાન્ય લાભ આપવા માટે ડિઝાઈન કરાયા છે. આ શ્રેણી ૩૦ ટકા સુધીની વધારાની કૂલિંગ ક્ષમતાની બાંયધારી આપે છે. પરિણામે અતિશય ઠંડક મળે છે, અંદરના તાપમાનમાં ઝડપથી ઘટાડો થાય છે અને ઊર્જાની વધુ બચત થાય છે, તાપમાનમાં તબક્કાવાર ૦.૧ ડિગ્રી સેન્ટિગ્રેડથી ૦.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ સુધીના ચોક્કસ સેટીંગ દ્વારા વધારાની આરામ દાયકતા પ્રાપ્ત કરી શકાય છે, કોમ્પ્રેસિર માટે 'ધ્વનિમુક્ત' જેકેટ વધુ શાંતિનો અનુભવ અને શુદ્ધ હવા માટે વિશિષ્ટ ટેકનોલોજી પુરી પાડે છે.

બ્લુ સ્ટારના આ સ્ટેટ-ઓફ-ધ-આર્ટ, સ્માર્ટ શ્રેણીના ઈન્વર્ટર સ્પ્લિટ એર કન્ડિશનર્સ વર્ષ ૨૦૧૮ના બીઈઈ એનર્જી-ઓફિશિયન્સી નિયમોને અનુરૂપ છે. આ એરકન્ડિશનર્સ વિવિધ રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રની ઠંડકની તમામ જરૂરિયાત સંપૂર્ણ રીતે પુરી પાડે છે.

આ વર્ષે ૭૫મા વર્ષમાં પ્રવેશેલી બ્લુ સ્ટારે વર્ષ ૨૦૧૧માં રહેણાંક ક્ષેત્રે ઝંપલાવ્યુ ત્યારથી તેની ક્ષમતામાં સતત વૃદ્ધિ થતી રહી છે, ઉદ્યોગ વૃદ્ધિ કરતાં બ્લુ સ્ટારે વર્ષો વર્ષ વધુ વૃદ્ધિ નોંધાવી છે. કંપનીનો બજાર હિસ્સો ૧૧.૫ ટકા છે.

### બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિ. આ ઓફર ૧૨મી એપ્રિલ શરૂ થશે ૧૭મી એપ્રિલના રોજ બંધ થશે

બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિ. સમગ્ર ભારતમાં નેટવર્ક ધરાવતી ખૂબ જ જાણીતી કૃષિ બિયારણ કંપની છે. છેલ્લા આઠ વર્ષમાં કંપનીએ ૧૧૧ જાત સાથે ૨૭ ઉત્પાદનોની રેન્જ વિકસાવી છે. નવીન ટેકનોલોજીલક્ષી અને બજારલક્ષી કંપનીએ તેનું ટર્નઓવર વર્ષ ૨૦૧૪માં રૂ. ૩૦ કરોડથી વધારીને ૨૦૧૭માં રૂ. ૧૧૦ કરોડ સુધી લઈ જવામાં સફળતા મેળવી છે. કંપની ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે સૌથી ઝડપથી વિકસતી બિયારણ કંપની તરીકે નસ્માનિત થઈ છે. કંપની ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ બિયારણ વિકસાવવામાં કાર્યરત છે. કંપની બિયારણનું પોષણ મૂલ્ય વધારતા બાયો સર્ટિફાઈડ બિયારણ પણ વિકસાવી રહી છે.

કંપનીની ભાવી યોજનાઓ અંગે પત્રકાર પરિષદને સંબોધન કરવા માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રમોટર અરવિંદકુમાર જે. કાકડિયા તથા હેમાંગ બક્ષી ઈડી (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના વડા) ઉપસ્થિત રહ્યા હતા. અરવિંદકુમાર જે. કાકડિયાએ કંપનીના સંચાલન અને ભાવિ યોજનાઓ અંગે માહિતી આપી હતી. અરવિંદકુમાર જે. કાકડિયાએ જણાવ્યું હતું કે કંપની ઉત્પાદનો વિકસાવવા અને સંશોધન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જે અમને નવા ઉત્પાદનો વિકસાવવામાં મદદરૂપ થશે. કંપનીનો આશય ચીન, કોરિયા, થાઈલેન્ડ અને ઈટાલી જેવા દેશોમાં બિયારણ વિકસાવવામાં આગળ વધવાનો છે. બોમ્બે સુપર હાઈબ્રિડ્સ સીડ્સ લિ. આગામી સપ્તાહે આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે.

### ગુલમહોર ● ચોથા પાનાનું ચાલું

નિકિતા બાનાં વાસી કપડાં અને દુર્ગંધથી સૂગ અનુભવી રહી હતી. બાળકો સ્કૂલ માટે સવારે વહેલા નીકળી જાય તે છેક સાંજે આવે અને પાછા ટ્યુશન જાય. અનિકેત પણ સવારે ઑફિસ જતો રહે તે પણ મોડેથી ઘેર આવે. આખો દિવસ નિકિતાએ જ અજબની બદબૂ સામે ઝઝુમવું પડે.

"એટલે તું કહેવા શું માગે છે? હું ભૂંડી લાગું છું એમ જ ને. દીકરાને જન્મ આપ્યો, ઉછેરીને મોટો કર્યો. ભણાવ્યો-ગણાવ્યો તે આ દિવસ જોવા માટે? – અને હું કોઈ શોભાની પુતળી છું કે તમે લોકો કહો એમ જ મારે રહેવાનું? હું તો આ ચાલી મારે ગામ. હું કોઈનેય ભારે પડું એમ નથી. મને એકલીને રહેતાં આવડે છે. મારે કોઈનાં ઓશિયાળાં થઈને રહેવું નથી." કાશીબા જાણે વિફર્યાં હતાં.

"બા, એવી કોઈ વાત નથી. તમે અમને કંઈ ભારે પડતાં નથી, પણ થોડું સમજો તો સારું." દીકરો-વહુ બેઉ બાને સમજાવવાનો પ્રયાસ કરતા.

આ તરફ સિત્તેર વર્ષનાં કાશીબા કહેતાં કે "એના કરતાં તો ભગવાન મને ઊપાડી લે તો સારું."

કશલી એક ધ્યાન થઈને કાશીબાની વાતો સાંભળી રહી હતી. એય ખુદ વિમાસણમાં પડી ગઈ હતી કે આખરે વાંક છે કોનો? કાશીબાનો કે માના જણ્યાનો?

એક વાર પાડોશીએ બાને કહેલું કે "આટલું મોટું મકાન છે, તમે એકલપંડ્ય છો. બધું વાપરી પણ ન શકો અને સાફસફાઈ પણ ન કરી શકો. એકાદ-બે ઓરડા ભાડે આપી દેતાં હોવ તો?"

"ના, ભ'ઈ ના. એ વાત જ ખોટી. હું જીવું છું ત્યાં સુધી તો ભાડેય નહીં અને વેચવાનીય વાત નહીં. અંજળપાણી હશે ત્યાં સુધી જીવીશ અને રહીશ." બા આવેશમાં આવી ગયાં હતાં.

દીકરો દર મહિને નિયમિત અમુક રકમ ગામડે બાને મોકલી આપતો હતો. એમાં બાનો ગુજારો થઈ જતો હતો. ઓણ સાલ ભારે વરસાદમાં મેડીબંધ મકાનની પછીતનો ભાગ નુકસાન પામ્યો ત્યારે બાએ મરામતનો ખર્ચો મંગાવ્યો હતો પણ દીકરાએ તો સાફ શબ્દોમાં ઈનકાર કરી દીધો હતો.

દીકરાએ કહી દીધું હતું કે "બા, તમારે સમજવું જોઈએ કે અહીં શહેરમાં અમે માંડ માંડ ઘરસંસાર ચલાવીએ છીએ. તમારે અહીં અમારી જોડે શહેરમાં રહેવા આવી જવું હોય તો ઠીક, બાકી જુનું ઘર એટલે ખાતું ધન કહેવાય અને હાલ અમારી પાસે એવા કોઈ રૂપિયાની સગવડ નથી."

એ દિવસે તો કાશીબાને હાડોહાડ લાગી આવ્યું હતું અને મનોમન બબડ્યાં હતાં કે "દેવના દીધેલ જ્યારે મોટા થઈને ડામ દે ત્યારે ડીલ નહિ, દિલ સળગી ઊઠતું હોય છે."

કાશીબાના પડોશના મકાનને પણ વરસાદથી નુકસાન થયું હતું. તેણે પણ ઘરનો થોડો ભાગ રિપેર કરાવવાનું કામ કાઢ્યું હતું. એક જ દીવાલ હોવાથી પાડોશીએ ભેગું કામ કરાવવા માટે ભાગે પડતો ખર્ચો માંગ્યો હતો, પણ કાશીબા શું બોલે?